**ગુજરાતી જુનિયર (૫, ૬, ૭ વર્ગ)**
**અગત્યની સૂચના :**
૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## (૧) નરેન્દ્રનાથનું પ્રથમ આગમન અને પરિચય

જ્યારે કોઈ સ્વામી વિવેકાનંદ અને શ્રીરામકૃષ્ણની પ્રથમ મુલાકાત વિશે વિચારે ત્યારે તેને સમજમાં આવશે કે કેવી રીતે શ્રીરામકૃષ્ણ દેવત્વમાં આરૂઢ સ્થિતીમાં, પોતાના 'ખાસ શિષ્યો'નો આગમન સમય સમીપ આવી રહ્યો છે એ જાણી આતુરતાથી તેમની પ્રતિક્ષા કરી રહ્યાં હતા.

કલકત્તામાં સિમલા મહોલ્લામાં રહેતા શ્રી સુરેન્દ્રનાથ મિત્ર દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણના પ્રથમ દર્શનથી જ કૃતાર્થ થઈ ગયા હતા. થોડાજ દિવસોમાં એમની સાથે ઘનિષ્ટ સંબંધ થયા અને એક દિવસ પોતાના ઘરે લઈ ગયા. ત્યા તેમણે આનંદોત્સવની ગોઠવણી કરેલી. કોઈ સારો ગાયક ન મળવાથી સુરેન્દ્રનાથે તે દિવસે પોતાના પડોશી, શ્રી વિશ્વનાથ દત્તના પુત્ર નરેન્દ્રને શ્રીરામકૃષ્ણ સમક્ષ ભજન ગાવા માટે બોલાવ્યા હતા. શ્રીરામકૃષ્ણ અને એમના મુખ્ય લીલાસહચર સ્વામી વિવેકાનંદ બન્નેના પરસ્પર દર્શન આ રીતે થયા હતા. બનતા સુધી સન ૧૮૮૧ના નવેમ્બર મહિનામાં હશે.

નરેન્દ્રને જોતાંજ શ્રીરામકૃષ્ણ એમના પ્રતિ વિશેષ રૂપથી આકર્ષિત થયા હતા. તેઓએ એ સુકંઠ ગાયક યુવકનો પરિચય સારી રીતે જાણી લીધો. ભજન સમાપ્ત થયા પછી જાતેજ નરેન્દ્ર પાસે આવી એક બે વાત કરી અને ત્વરીત દક્ષિણેશ્વર આવવા કહ્યું.

દક્ષિણેશ્વરમાં પ્રથમ મુલાકાતમાં નરેન્દ્રને જોઈ એ દિવસે શ્રીરામકૃષ્ણદેવનાં મનમાં જે ભાવ જાગ્યો હતો, એ વિશે સંક્ષેપમાં એમણે આ રીતે કહ્યું હતું.

"પશ્ચિમ (ગંગા) તરફના બારણેથી નરેન્દ્રે પ્રથમ દિવસે આ ઓરડામાં પ્રવેશ કર્યો હતો. મેં જોયું, પોતાના શરીર તરફ લક્ષ નથી. માથાના વાળ કે પહેરવેશની કશી જાતની ટાપટીપ નથી. બહારની એકેય વસ્તુ પર સામાન્ય માણસને હોય તેવું એકેય જાતનું વળગણ નથી. આંખો જોઈને લાગતું હતું કે જાણે કોઈએ એના મોટાભાગના મનને અંદરની બાજુએ કાયમ માટે જબરદસ્તીથી ખેંચી રાખેલું છે! જોઈને મનમાં થયુ કે વિષયી લોકોના નિવાસસ્થાન સમી કોલકાતા નગરીમાં આવડો મોટો સત્ત્વગુણી આધાર રહેવો સંભવે ખરો?

જમીન પર ચટાઈ પાથરેલી હતી ત્યાં બેસવાનું કહ્યું . જે ઠેકાણે ગંગાજળનો ગોળો છે તેની બાજુમાં જ તે બેઠો. તે દિવસે એની સાથે બે ચાર ઓળખીતા છોકરાઓ પણ આવેલા. જોયું કે એમનો સ્વભાવ તદ્દન ઉલ્ટોજ, જેવો સાધારણ વિષયી લોકોનો હોય તેવો; ભોગ તરફ દૃષ્ટિ.

ગીત ગાવાની વાત પૂછી તો જાણ્યું કે, ત્યારે ફક્ત બે ચાર બંગાળી ગીતો જ એ શીખેલો, એજ ગાવાનું કહ્યું તો એણે એક ગીત ઉપાડયું અને સોળેસોળ આના મનપ્રાણ રેડીને જાણે કે ધ્યાનમગ્ન બનીને ગાવા માંડયું. સાંભળીને પછી (હું) વધુવાર સંભાળી ના શક્યો. ભાવાવિષ્ટ થઈ પડયો. પછી જ્યારે તે જતો રહયો ત્યારે તેને જોવાને માટે મારૂ મન ચોવીસે કલાક એટલું વ્યાકુળ રહ્યું કે હું કહી નથી શકતો. કોઈ કોઈવાર તો એવી વેદના થતી કે જાણે કે કોઈ હૃદયને અંગૂછો નીચોવે એવી રીતે જોરથી નીચોવી રહ્યું છે. ત્યારે જાતને વધુવાર સંભાળી શકતો નહીં; દોડતો બગીચાની ઉત્તર બાજૂના ઝાઉતળાએ જયાં મોટાભાગે કોઈ ફરકે નહિ ત્યાં જઈને, “ઓ રે, તું આવને, તને જોયા વગર હવે નથી રહેવાતું રે” એમ બોલીને પોક મૂકીને રડતો! થોડીકવાર રડી લઉં પછી જાતને સંભાળી શકતો! લાગલગાટ છ મહિના એવું ચાલેલુ! બીજા છોકરાઓ માટે પણ કોઈ કોઈવાર મનમાં એવી વ્યાકુળતા થતી હતી, પણ નરેન્દ્ર માટે જેવું થયેલું એની સરખામણીમાં તો એ કાંઈ જ નહી."

સ્વામી વિવેકાનંદે એક દિવસ વિગતવાર વર્ણન આપેલું તે આ પ્રમાણે છે. "ગીત તો ગાયું, એ પછી તરત જ શ્રીરામકૃષ્ણ ઉભા થયા અને મારો હાથ પકડીને મને એમના ઓરડાની ઉત્તરે જે ઓસરી છે

ત્યાં લઈ ગયા. ત્યારે શિયાળો હતો એટલે ઉત્તર દિશાથી વાતા વાયરાને અટકાવવા માટે વરંડાના થાંભલાઓના વચ્ચે ચટાઈ વડે આડશ કરી દીધી હતી. તેથી વરંડામાં પેસીને ઓરડાનું બારણું બંધ કર્યા પછી ઓરડાની અંદરના કે બહારના કોઈ માણસને જોઈ શકાતું નહી. વરંડામાં દાખલ થતાં જ શ્રીરામકૃષ્ણે ઓરડાનું બારણું બંધ કરી દેતા મેં વિચાર્યું કે, મને એકાંતમાં કાંઈક ઉપદેશ દેશે. પણ એમણે જે કહ્યું અને કર્યું તે તો તદ્દન કલ્પના બહારનું હતું. એકદમ જ મારો હાથ પકડીને આનંદમાં દડદડ આંસુ વહેડાવવા લાગ્યા અને જાણે કેટલાયે દિવસથી ઓળખતા હોય એમ મને સ્નેહથી સંબોધીને કહેવા લાગ્યા, "આટલા દિવસે આવવાનું હોય? હું તારા માટે કેટલી રાહ જોઈ રહ્યો છું તેનો એકવાર પણ વિચાર નહિ કરવાનો? વિષયી માણસોની નકામી વાતો સાંભળી સાંભળીને મારા કાન બળી જવા આવ્યા છે. દિલની વાત કોઈને પણ ના કરી શકવાથી મારું પેટ ફૂલી રહ્યું છે!" એવી એવી તો કેટલીયે વાતો કરતા જાય અને રડતા જાય. વળી બીજી જ ક્ષણે મારી સામે હાથ જોડીને ઉભા રહ્યા અને દેવતાની માફક મારા તરફ આદર દાખવીને કહેવા લાગ્યા, "જાણું છું પ્રભુ, તમે એજ પુરાતન ઋષિ, નરરૂપી નારાયણ, જીવોની દુર્ગતિના નિવારણને કાજે ફરીવાર શરીર ધારણ કરેલું છે."

હું તો એમના એવા વર્તનથી તદ્દન અવાક્-સ્તંભિત થઈ ગયો! મનમાં ને મનમાં વિચારવા લાગ્યો કે આ હું કોને જોવા આવ્યો છું? આ તો નર્યા પાગલ, નહી તો હું વિશ્વનાથ દત્તનો પુત્ર, તેને વળી આવું બધું કહે? ગમે તેમ પણ હું તો ચૂપ રહ્યો અને એ અદ્‌ભુત પાગલ જેમ મરજીમાં આવે તેમ બોલતા જ ગયા. બીજી જ ક્ષણે મને ત્યાં જ ઉભા રહેવાનું કહીને ઓરડામાંથી માખણ, મિસરી અને થોડાક સંદેશ લાવીને મને પોતાના હાથે ખવડાવવા લાગ્યા. હું તો વારંવાર કહેતો જ રહ્યો કે, એ બધું ખાવાનું મને આપી દો. હું ભાઈબંધો સાથે વહેંચીને ખાઈશ, પણ એમણે એ સાંભળ્યું જ નહી. બોલ્યા, "એ લોકો ખાશે હવે, તું ખા", એમ કહીને બધુંય મને ખવડાવ્યું ત્યારે જ જંપ્યા. પછી હાથ ઝાલીને બોલ્યા, કહે કે તું જલ્દી જલ્દી એક દિવસ અહીંયા મારી પાસે એકલો આવશે. એમની આવી આગ્રહભરી વિનંતીને ઠેલી ના શકતાં ના ઈલાજે આવીશ એમ બોલ્યો અને એમની સંગાથે ઓરડામાં જઈ ભાઈબંધોની જોડે બેઠો.

હું બેઠો બેઠો બધું ધ્યાનપૂર્વક જોવા લાગ્યો. જોયું કે શ્રીરામકૃષ્ણના વાતચીતમાં, હલનચલનમાં, બીજા બધાંની સાથેના વર્તનમાં ગાંડાના જેવું કશું યે નહોતું. ઊલટાનું એમની સત્કથા અને ભાવસમાધી જોઈને મને વિશ્વાસ બેઠો કે, ખરેખર જ એમણે ઈશ્વરને ખાતર સર્વસ્વનો ત્યાગ કરેલો છે અને જે કહે છે તેનું આચરણ પોતે કરેલું છે. તેઓ આગળ બોલતા ગયા, ઈશ્વરદર્શન થાય, એમને જોઈ શકાય, એમની સાથે વાતો કરી શકાય, જેવી રીતે હું તમારા લોકો સાથે વાતો કરું છું બરાબર એવી જ રીતે. પણ એમ કરવા માગે છે કોણ? લોકો પત્ની, પુત્રના શોકથી, માલમિલકતના દુઃખે કળશે, કળશે આંસુ ઢાળે, પણ ઈશ્વર માટે કોણ એવું કરે? સરળ ભાવે ભગવાન માટે રડવાથી નક્કી તેઓ દર્શન દે. જ્યારે મેં એમના શબ્દો સાંભળ્યા, ત્યારે મને એજ ઘડી ખાત્રી થઈ ગઈ, મને લાગ્યું કે બીજા બધા ધર્મપ્રચારકોની માફક કલ્પના અને રૂપકોની મદદથી આ પ્રમાણે બોલી નથી રહ્યા, સાચેસાચ જ સર્વસ્વ ત્યાગ કરી દઈને પૂરેપુરા મનથી ઈશ્વરને ભજીને જે પોતે પ્રત્યક્ષ જોયું છે, તેની જ વાત કરી રહ્યા છે."

**સંદર્ભગ્રંથ-શ્રીરામકૃષ્ણ લીલાપ્રસંગ**

* * *

**ગુજરાતી જુનિયર (૫, ૬, ૭ વર્ગ)**
**અગત્યની સૂચના :**
૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## (૨) - પરિવ્રાજક સ્વામી વિવેકાનંદ

સ્વામીજી તેમની ભારત યાત્રા દરમ્યાન દરેક પ્રકારના લોકોને મળ્યા. તેમની યાત્રા ઘણા વર્ષો સુધી ભારતના દરેક ભાગોમાં ખુલ્લા મનથી આનંદપુર્વક ચાલી. પછી ભલે એ બરફ આચ્છાદિત હિમાલયના નિર્જન પણ કાવ્યાત્મક પ્રદેશ હોય કે દક્ષિણમાં કન્યાકુમારી. સંપૂર્ણ યાત્રા દરમિયાન વિવિધ ઘટનાઓ ઘટી, એમાની એક ખેત્રીમાં બનેલી ઘટનાનું વર્ણન કરતા સ્વામીજી કહે છે કે - મારા ભ્રમણકાળમાં હું એક જગ્યાએ હતો ત્યાં લોકોના ટોળેટોળા ઉપદેશ માંગવા આવતા. માની ન શકાય પણ લોકો મને ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી એકપણ ક્ષણના વિરામ વગર પ્રવચન કરવા પ્રેરતા. મે ભોજન કર્યું છે કે નહીં તે જાણવાની પણ તેમને દરકાર નહોતી. ત્રીજી રાત્રિએ જ્યારે બધા લોકો ગયા પછી એક દલિત વર્ગનો ગરીબ માણસ મારી પાસે આવ્યો અને બોલ્યો, “સ્વામીજી, આ ત્રણ દિવસથી તમે કશુંજ ખાધું નથી. તમે થાકી ગયા હશો અને તમને ભૂખ પણ લાગી હશે. ખરેખર, મેં જોયુ છે કે તમે એક પ્યાલુ પાણી પણ પીધું નથી.”

મને લાગ્યુ કે સ્વયં ભગવાન આ દલિત પુરૂષના સ્વરૂપે મારી કસોટી કરવા આવ્યા છે. મેં એને પૂછ્યું, "તું મને ખાવા માટે કંઈ આપી શકશે?" તે માણસ બોલ્યો, "સ્વામીજી તમને ભોજન આપવા માટે મારું હૈયુ તલપાપડ થઈ રહ્યું છે, પણ મારા હાથે બનેલી રોટલી તમે કેવી રીતે ખાઈ શકો? જો તમે મને રજા આપો તો તમારે માટે લોટ, દાળ અને બીજી સામગ્રીઓ લાવી આપું. તો મને ખુબ આનંદ થશે. અને તેમાથી

તમારું ભોજન જાતે બનાવી શકશો." તે સમયે સાધુધર્મનાં આચરણ મુજબ મારાથી અગ્નિને સ્પર્શ થઈ શકે એમ નહોતું. એટલે મેં તેને કહ્યું કે, "તું ભલે મને રોટલી બનાવી આપ, હું તે પ્રેમથી સ્વીકારીશ." આ સાંભળીને તે માણસ ભયથી સંકોચ પામ્યો. તે ખેત્રીના મહારાજાનો પ્રજાજન હતો. એટલે તેને ભય લાગ્યો કે, જ્યારે મહારાજાને ખબર પડશે કે એક મોચીએ એક સંન્યાસીને રોટલી આપી હતી તો તેઓ તેના તરફ બહુ સખતાઈથી વર્તશે. અને કદાચ રાજ્યમાંથી દેશનિકાલ પણ કરે. મેં તેને કહ્યું, “મારે કારણે તારે ડરવાની જરૂર નથી અને મહારાજા તને કોઈ શિક્ષા કરશે નહી." તેણે મારી વાત પર વિશ્વાસ ક્યોં અને પરિણામથી ડરવા છતાંયે હૃદયની લાગણીથી મારે માટે બનાવેલુ ભોજન લઈ આવ્યો. મને નથી લાગતુ કે દેવોના દેવ ઈન્દ્રએ સોનાના પાત્રમાં મારી સામે અમૃત ધર્યું હોત તો તે પણ આના કરતાં વધારે સ્વાદિષ્ટ લાગ્યુ હોત! મારી આંખમાં પ્રેમ અને આભારના આંસુ આવ્યા. અને મેં વિચાર કર્યોકે હજારો આવા વિશાળ હૃદયવાળા માણસો ઝૂંપડામાં વસે છે. અને આપણે તેઓનો દલિત અને અસ્પૃશ્ય ગણીને તિરસ્કાર કરીએ છીએ. મહારાજા સાથે મારી સારી રીતે ઓળખાણ થયા પછી મેં મહારાજાને આ માણસની ખાનદાનીની વાત કરી. થોડા દિવસમાં જ મહારાજા સમક્ષ તેને હાજર કર્યો. ખૂબ સખત શિક્ષા મળશે એવા ડરથી થરથરતો તે માણસ હાજર થયો. પરંતુ મહારાજાએ તેના વખાણ કર્યાં અને તેની ગરીબી દૂર કરી.

એક વખત સ્વામીજીને લાગ્યું કે પોતાના ઘરનો ત્યાગ કરી, એક જગ્યાથી બીજી જગ્યાએ ભ્રમણ કરી, દ્વારે દ્વારે ભીખ માંગવી તે પ્રભુપ્રાપ્તિનો માર્ગ નથી. આ સમય દરમ્યાન પોતાના ગુરુભાઈને લખેલા પત્રમાં સ્વામીજી દુઃખપૂર્વક લખે છે કે, હું એક કાગડાની જેમ બીજાઓનાં ઘરે લાજશરમ વગર ભોજન કરુ છું. તે વખતે મને વિચાર આવ્યો કે હું હવેથી ભિક્ષા માંગીશ નહીં. મને જમાડવામાં ગરીબ માણસને શું લાભ? જો તેમનું એક મૂઠ્ઠી અનાજ બચે તો તેઓ એમના બાળકોને ખવડાવી શકે. જો હું પ્રભુપ્રાપ્તિ ન કરી શકું તો આ શરીરને પોષવાનો શું અર્થ? મહાત્માઓને પણ કોઈ વખત આધ્યાત્મિક અસંતોષ થાય છે તેમ સ્વામીજીને થયું, આવી હતાશાની પળમાં તેમણે વૈદિકકાળના ઋષિની

જેમ જંગલમાં જઈને પોતાના શરીરનો ભૂખ અને થાકથી અંત લાવવાનું નક્કી કર્યું. વધું વિચાર કર્યા વિના તેઓ માઈલો સુધી લંબાએલા એક ગાઢ જંગલમાં દાખલ થયા. અને ખોરાક લીધા વિના આખો દિવસ ચાલતા રહ્યાં. સાંજ પડી અને થાકથી લગભગ બેભાન અવસ્થામાં તેઓ એક ઝાડ નીચે બેસી ગયા. અને ભગવાનમાં પોતાનુ મન પરોવીને ખુલ્લી આંખે દુર જોતા રહ્યાં.

થોડા સમય પછી તેમણે એક વાઘને નજદીક આવતો જોયો. તે વધુ નજીક આવ્યો પછી તેમનાથી થોડે દૂર બેસી ગયો. સ્વામીજીએ વિચાર કર્યો કે અમે બંન્ને ભૂખ્યા છે. આ શરીર પ્રભુને પ્રાપ્ત કરવાનુ સાધન નથી માટે તેનાથી દુનિયાનું કંઈ ભલુ થવાનુ નથી. માટે આ શરીર કાંઈ નહીં તો આ ભૂખ્યા પ્રાણીની ભૂખ ભાંગવાના કામમાં આવે તો સારું છે. તેઓ ત્યાં હાલ્યાચાલ્યા વગર શાંતિથી આડા પડ્યા હતા. વાઘ તેમના પર ગમે ત્યારે તરાપ મારે તેની રાહ જોતા હતા. પરંતુ કોઈ કારણસર તે વાઘ પોતાની જાતે જ ત્યાંથી ચાલ્યો ગયો. સ્વામીજીએ વિચાર્યું કે વાઘ પાછો આવશે તેથી તેની રાહ જોઈ. પણ વાઘ આવ્યો નહીં. આખી રાત તેમણે પોતાના આત્મા સાથે સંવાદમાં વિતાવી. મળસ્કું થતાં તેમનામાં મહાન શક્તિનો સંચાર થતો હોય તેવું તેમણે અનુભવ્યું.

બીજી એક વખત એમને થાકથી ચક્કર આવતાં હતા અને વધુ ચાલવા અસમર્થ હતા. સૂર્યનો તાપ અસહ્ય હતો. જેમ તેમ કરી એક ઝાડ પાસે પહોંચી નીચે બેસી ગયા. તેઓ થાકથી લોથપોથ થઈ ગયા હતા. તે વખતે અંધકારમાં પ્રકાશનું કિરણ ઝબકે તેમ એક વિચાર તેમને આવ્યો. શું એ સત્ય નથી કે બધી શક્તિ આત્મામાં જ રહેલી છે? તો પછી આત્મા ઉપર શરીર અને ઈન્દ્રિયોનું વર્ચસ્વ કેવી રીતે હોઈ શકે? હું નિર્બળ કેવીરીતે હોઈ શકું? આ વિચાર સાથે જ તેમના શરીરમાં શક્તિનો સંચાર થયો. એમના મનમાં પ્રકાશ થયો અને એમની ઈન્દ્રિયો સતેજ થઈ. તેઓ ઉભા થયા અને પ્રવાસ ચાલુ કર્યો. અને નક્કી કર્યું કે તેઓ કદી પણ નિર્બળતાને શરણે જશે નહીં. એમના ભ્રમણકાળમાં ઘણી વખત તેઓ આવી સ્થિતીમાં મૂકાયા હતા. પરંતુ પોતાના આત્મબળથી તેમણે પોતાની શક્તિ પાછી મેળવી હતી.

ઘણી વખત સ્વામીજીને ભય, મુશ્કેલી અને એકલતાનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે તેમની પાસે માત્ર શ્રીરામકૃષ્ણની એક છબી અને ગીતાનુ પુસ્તક હતું. મધ્યભારતમાં તેમને ઘણા કઠોર અનુભવ થયાં જ્યારે તેમને લોકોએ ભોજન અને આશ્રય આપવાનું નકાર્યું, ત્યારે તેમને સફાઈ કામદારના કુટુંબમાં રહેવાનુ થયું. જે લોકોને સમાજે તરછોડ્યાં હતા તેવા માણસોમાં અમુલ્ય ગુણો તેમણે જોયા. આવા અનુભવોથી તેમને દેશની પ્રજાની બેહાલીનો અનુભવ થયો. તેથી તેઓ આવા લાખો કચડાયેલા લોકોના તારણહાર બન્યા. ગરીબાઈ અને દુઃખ તેમને સર્વત્ર દેખાયું અને તેમનું હ્રદય અનુભૂતિથી ઉભરાઈ ગયું.

એક વખત તેમને હિમાલયમાં એક સાધુ મળ્યો. તે અસહ્ય ઠંડીથી પીડાતો હતો. આ સાધુ, માથા ઉપર કોઈપણ જાતના રક્ષણ વિના ફરનારા સિંહ જેવા સાધુઓના પંથનો હતો. પરંતુ તે બીમારી અને ઠંડીથી ત્રાસી ગયો હતો. સ્વામીજીએ તેને જોયો અને તરત જ પોતાનો ધાબળો સાધુને ઓઢાડી દીધો. સાધુએ તેની સામે જોયુ અને આભારથી હસીને કહ્યું, તારા પર નારાયણની કૃપા થજો.

**આ ભ્રમણકાળનું સ્વામીજી માટે મહાન શૈક્ષણિક મૂલ્ય છે.**

* * *

**ગુજરાતી જુનિયર (૫, ૬, ૭ વર્ગ)**
**અગત્યની સૂચના :**
૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## (૩) નરરૂપે નારાયણની સેવા

સ્વામીજીએ અમેરિકા-ઈંગ્લૅન્ડમાં સખત કાર્ય કર્યું હતું. હવે થોડા આરામ માટે એ દાર્જિલિંગ ગયા. પરંતુ કલકત્તામાં પ્લેગ ફાટી નીકળ્યો. એટલે આરામ છોડીને એમણે ફરીથી પ્રવૃત્તિ શરૂ કરી.

આ ભયંકર રોગના હુમલાથી લોકો ટપોટપ મરતા હતા. બીમાર લોકોની સારવાર કરવા માટે પણ કોઈ તૈયાર થતું નહિ. સૌને એમ થતું કે રખેને ચેપ લાગી જાય! આ તો પ્લેગ છે!

સ્વામીજીએ પોતાના ગુરુ-ભાઈઓને તથા શિષ્યોને બોલાવ્યા. એમણે કહ્યુંઃ આ બીમાર લોકોની સેવા આપણે કરીશું. આપણે એક હોસ્પિટલ ખોલીને આ ભયાનક રોગનો ભોગ થયેલા લોકોની જાતે જ સેવાચાકરી કરીશું.

એક જણે પ્રશ્ન પૂછ્યો : પણ સ્વામીજી! આવું મોટું કામ કરવા માટે આપણી પાસે પૈસા ક્યાં છે?

સ્વીમીજી ગુસ્સાથી લાલચોળ થયાં

એ ગાજી ઉઠ્યા: પૈસા? એની ચિંતા શા માટે કરો છો? કામ શરૂ કરી દો. જરૂર પડશે તો આપણાં નવા મઠનાં મકાનો વેચી નાખીશ અને આ સેવાકાર્યમાં એ બધા પૈસાનો ઉપયોગ કરીશ. શું તમને એ યાદ નથી કે શ્રીરામકૃષ્ણ કહેતા કે આપણે મનુષ્યના રૂપમાં રહેલા ભગવાનની સેવા કરવી જોઈએ? આ પણ એ જ નર-નારાયણની સેવા

છે. એવી સેવા કરવી જ જોઈએ!

પણ મઠના મકાનો વેચી નાખવાની જરૂર પડી નહી. પૈસા આવી મળ્યા અને સેવાકાર્ય બરાબર ચાલ્યું. આખરે પ્લેગ નાબૂદ થયો અને લોકો ફરીથી રોગમુક્ત બન્યા.

સ્વામીજીનું અંતર દીનહીન અને દલિત જનતા માટે પણ હંમેશા સહાનુભૂતિથી પીગળી જતું હતું.

સને ૧૯૦૧ ના છેલ્લા મહિનાઓ દરમ્યાન બેલુર મઠમાં કેટલાક સંથાલ મજૂરો જમીનને સમતળ કરવાનું કાર્ય કરી રહ્યાં હતા. આ લોકો અત્યંત ગરીબ હતા. સમાજે તેમનો તિરસ્કાર કર્યો હતો. તેમની સાથે વાતચીત કરીને સ્વામીજી વિશેષ પ્રસન્ન થતા અને પ્રેમાળ હૃદયની સહાનુભૂતિથી તેમની દુઃખ કષ્ટની વાતો સાંભળતા.

એક દિવસ સ્વામીજીએ તેમને મીઠાઈ ખવડાવી. જમણમાં એવી વાનગી પીરસી કે જે તેમણે સ્વપ્નમાંય ચાખી ન હતી. ભાવતું ભોજન આરોગી રહેલા મજૂરોને સ્વામીજી જોઈ રહ્યા. જાણે પ્રેમાળ માતાની અમીદષ્ટિ! ભોજન પૂરું થયા પછી સ્વામીજીએ ઉદ્ગાર કાઢ્યાઃ તમે લોકો તો સાક્ષાત્ ભગવાન છો. આજે ભગવાનને જ મેં જમાડ્યા છે!

ત્યારબાદ તેઓ એક શિષ્યને કહેવા લાગ્યાઃ તેમને જોયા, જાણે કે સ્વયં નારાયણ છે! કેટલા સરળ!

આ પ્રસંગે સ્વામીજીએ સંન્યાસીઓને સંબોધન કર્યુંઃ જુઓ, આ લોકો કેવા ભોળા છે! તમે એ લોકોનું થોડું પણ દુઃખ ટાળી શકશો? નહીં તો આ ભગવાં વસ્ત્ર પહેરીને ફરવાથી શું વળ્યું? બીજાના કલ્યાણ માટે સર્વસ્વનો ત્યાગ કરવો એનું નામ સંન્યાસ. આ મનુષ્યોને ક્યારેય સારું ભોજન નથી મળ્યું. મનમાં થાય છેઃ મઠ વગેરે બધું વેચીને સર્વસ્વ દીન હીન દરિદ્રનારાયણોમાં વહેંચી દઉં. વૃક્ષની છાયા જ તો આપણો નિવાસ છે.

અરે! આપણા દેશભાઈઓને જ્યારે અન્ન વસ્ત્ર મળતાં નથી, ત્યારે આપણા મુખમાં કોળિયો મુકવાનું મન કેમ થાય છે? હે જગન્માતા! શું મારા દેશબંધુઓના ઉદ્ધારનો ઉપાય નથી?

પશ્ચિમના દેશોમાં ધર્મ પ્રચાર માટે જવાનો આ એક ઉદ્દેશ હતો કે મારી પ્રિય માતૃભૂમિના સંતાનો માટે અન્નવસ્ત્રનો ઉપાય કરી શકું. એમની ગરીબી અને દુર્દશા જોઈને ક્યારેક મનમાં વિચારું છું:

આપણે છોડી દઈએ... પાંડિત્યનું મિથ્યાભિમાન અને આપણી મુક્તિ માટેના પ્રયાસ. આપણે સૌ મળીને ગામગામમાં ફરી ફરીને આપણા પોતાના ચારિત્ર્ય અને સાધનાની શક્તિથી શ્રીમંતોને સમજાવીને ફાળો લઈ આવીએ, તે પૈસાનો દરિદ્રનારાયણની સેવામાં ઉપયોગ કરીએ.

મેં અનેક તપશ્ચર્યા પછી એક સત્ય જાણ્યું છે કે દરેક જીવમાં ઈશ્વર છે, આ સૌ ઈશ્વરના સ્વરૂપ છે. જે મનુષ્ય જીવમાં શિવનું દર્શન કરીને તેમની સેવા કરે, એ જ સાચા અર્થમાં શિવની ઉપાસના કરે છે.

રામેશ્વર મંદિરમાં ઈશ્વર પૂજા વિષે બતાવતા સ્વામીજીએ કહ્યુંઃ તમામ પૂજા ઉપાસનાનો સાર આ છે : પવિત્ર થવું અને બીજાનું કલ્યાણ કરવું. જે મનુષ્ય દીન-દુખિયાંઓમાં, નિર્બળોમાં અને રોગીઓમાં ભગવાન શિવનાં દર્શન કરે છે, તે સાચેસાચ શિવની ઉપાસના કરે છે! પણ જો તે કેવળ મૂર્તિમાં જ ભગવાન શિવનું દર્શન કરે તો તેની ઉપાસના હજુ પ્રાથમિક ભૂમિકામાં છે. જે મનુષ્ય ભગવાન શિવને કેવળ મંદિરોમાં જ જુએ છે તેના કરતાં જે મનુષ્ય દીનદુખિયાંમાં તેમનાં દર્શન કરે છે અને નાતજાત વગેરેના વિચાર કર્યા વગર તેમની સેવા કરે છે, તેની ઉપર ભગવાન શિવ વધું પ્રસન્ન થાય છે.

એક ધનવાન મનુષ્યનો એક બગીચો હતો. તેમાં બે માળી કામ કરતા હતા. એમાનો એક માળી ખૂબ આળસુ હતો. તે બિલકુલ કામ કરતો નહીં, માત્ર જ્યારે માલિક બગીચામાં આવે ત્યારે ઊભો થઈ હાથ જોડીને કહેતો, મારા માલિકનું મુખ કેટલું સુંદર છે! અને

એમ કહીને તેની સમક્ષ નાચવા લાગતો. બીજો માળી ઝાઝું બોલતો કરતો નહીં, પરંતુ સખત મહેનત કરતો અને તમામ પ્રકારનાં ફળ અને શાકભાજી ઉગાડતો તથા બધો માલ પોતાના માથે ઊંચકી ખૂબ દૂર રહેતા પોતાના માલિકને પહોંચાડતો. આ બે માળીઓમાંથી ક્યો માળી તેના માલિકને વધુ પ્રિય હશે! ભગવાન શિવ તે માલિક છે અને આ જગત તેનો બગીચો છે. બે પ્રકારના માળીઓ અહીં હોય છે. એક આળસુ અને કપટી માળી કે જે કાંઈ કરતો નથી, પરંતુ કેવળ ભગવાન શિવનાં સુંદર નેત્રો, નાક અને બીજા અંગોનાં વર્ણન કર્યા કરે છે. જ્યારે બીજો માળી ભગવાન શિવનાં દીનદુખિયાં અને નિર્બળ સંતાનો, બધાં જીવજંતુઓ, અને, તેમની આખી સૃષ્ટિની સંભાળ લે છે. ભગવાન શિવને આ બેમાંથી વધુ વહાલો કોણ હશે? અવશ્ય, તે જ કે જે ભગવાન શિવનાં સંતાનોની સેવા કરે છે. જે પિતાની સેવા કરવા માગે છે તેણે તેનાં સંતાનોની સેવા કરવી જોઈએ. તેણે સૌથી પ્રથમ આ જગતમાં બધાં પ્રાણીઓની સેવા કરવી જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે, ઈશ્વરના ભક્તોની જે સેવા કરે છે તે તેના શ્રેષ્ઠ સેવકો છે. માટે તમે આ વાત ખાસ ધ્યાનમાં રાખજો.

ફરી એક વાર હું તમને કહું કે તમારે પવિત્ર રહેવું જોઈએ અને જે કોઈ તમારી પાસે આવે તેને યથાશક્તિ મદદ કરવી જોઈએ. આ શુભ કર્મ છે. આ શુભ કર્મના પ્રભાવથી ચિત્ત શુદ્ધ થાય છે, અને પછી ભૂતમાત્રમાં વસી રહેલા ભગવાન શિવ પ્રગટ થાય છે. તે દરેકના હૃદયમાં નિરંતર વસેલા છે. એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયાં હોય તો તેમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી, તે જ રીતે અજ્ઞાન અને દુષ્ટતા આપણા હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થ એ મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે હું પહેલો ખાઈ લઈશ, હું બીજાઓ કરતાં વધું ધન મેળવીશ અને બધું મારી પાસે જ રાખીશ, બીજાઓની પહેલાં હું સ્વર્ગે જઈશ, બીજાઓની પહેલાં હું મુક્તિ મેળવીશ, તે મનુષ્ય

સ્વાર્થી છે. નિઃસ્વાર્થ મનુષ્ય કહે છે, હું છેલ્લો રહીશ, હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી; વળી જો નરકમાં જવાથી પણ મારા ભાઈઓને હું મદદરૂપ થઈ શકું તો હું નરકમાં જવા પણ તૈયાર છું. આ નિઃસ્વાર્થ વૃત્તિ જ ધર્મની કસોટી છે. જેનામાં આ નિસ્વાર્થવૃત્તિ વધુ હોય છે તે વધુ ધાર્મિક છે અને ભગવાન શિવની વધું સમીપ છે. એ મનુષ્ય શિક્ષિત હોય કે અશિક્ષિત, તે આ જાણતો હોય કે ન જાણતો હોય, તો પણ તે બીજા કોઈ કરતાં ભગવાન શિવની વધુ નજીક છે. જો કોઈ મનુષ્ય સ્વાર્થી હોય, પછી ભલે તે બધાય મંદિરોમાં જતો હોય, ભલે બધાં તીર્થધામોની યાત્રા કરે, ભલે એક દીપડાની માફક પોતાની જાતને અનેક ટીલાંટપકાંથી શણગારે, તોપણ ભગવાન શિવથી તે ઘણો દૂર છે.

* * *

**ગુજરાતી સિનિયર (૮, ૯, ૧૦ વર્ગ)**
**અગત્યની સૂચના :**
૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## (૧) જગતના મહાન ધર્માવતારો

(કેલિફોર્નિયાના પેસાદેના શહેરમાં શેક્સપિયર કલબમાં ૩જી ફેબ્રુઆરી સને ૧૯૦૦ના રોજ અપાયેલ પ્રવચન)

હિંદુઓના સિદ્ધાંત પ્રમાણે, આ વિશ્વ એક પછી એક ઉઠતા કરતા સાગરતરંગોની પેઠે ગતિમાન રહે છે. મોજાંની માફક તે ચડે છે, શિખરે પહોંચે અને પછી નીચે પડે છે અને થોડોક સમય જાણે કે ઊંડાણમાં પડી રહેતું હોય તેમ લાગે છે અને ફરી ઊંચે ચડે છે. અને મોજાંની માફક એક તરંગ પછી બીજું તરંગ, એક પતન પછી બીજું પતન, એવી રીતે ચાલ્યા જ કરે છે. સમગ્ર જગત માટે જે સત્ય છે તે જગતના વિભાગો માટે પણ સાચું છે. માનવ-જીવનનો પ્રવાહ પણ તેમ જ ચાલે છે; પ્રજાઓના ઈતિહાસનું પણ તેમ જ છે. પ્રજા ઉત્થાન પામે છે અને પાછી પડે છે; ઉન્નતિ પછી અવનતિ આવે છે, અને અવનતિ પછી વળી વિશેષ પ્રબળ ઉન્નતિ આવે છે. આ ગતિ સર્વદા ચાલ્યા જ કરે છે. ધર્મની બાબતમાં પણ તેવી જ પ્રવૃત્તિ ચાલે છે. પ્રત્યેક પ્રજાના આધ્યાત્મિક જીવનમાં ઉન્નતિ-અવનતિનો ક્રમ આવ્યા કરે છે. એક પ્રજાનું પતન થાય છે અને જાણે કે સર્વ છિન્નભિન્ન થઈ ગયું હોય તેમ લાગે છે; વળી પાછો તેમાં શક્તિનો સંચાર થાય છે અને તેનું ઉત્થાન થાય છે. એક મહાન મોજું જાણે કે ભરતીનો એક મહાન ઉછાળો-ચઢી આવે છે, અને એ મહાન મોજાંના સર્વોચ્ચ શિખરે એક દિવ્ય આત્મા-ઈશ્વરનો અવતાર-ઊતરી આવે છે. આ બધા વિશ્વના મહાન વિચારકો છે, વિશ્વના પયગંબરો છે, જીવનના સંદેશવાહકો છે, ઈશ્વરના અવતારો છે.

માનવીનું વિચારક્ષેત્ર એટલું બધું સંકુચિત છે કે તે એમ જ માને છે કે ધર્મ એક જ હોઈ શકે, પયગંબર એક જ હોઈ શકે અને અવતાર પણ એક જ હોઈ શકે. પરંતુ આ વિચાર ખોટો છે. આ બધા પયગંબરોનાં જીવનચરિત્રોનો અભ્યાસ કરવાથી આપણને એમ જણાશે કે તે પૈકી દરેક એક જ પ્રકારનો અને એક જ પાઠ ભજવવા માટે સર્જાયો હતો; અને સ્વર-સમન્વય પણ એક જ સ્વરમાં નહીં પણ બધાના સુમેળમાં જ સમાયેલો છે. જુદી જાતિના જીવનમાં પણ આમ છે; કોઈ એક જ જાતિ દુનિયાનો ઉપભોગ કરવા માટે સર્જાઈ નથી. કોઈ પણ તેવો દાવો કરી ન શકે. તમામ જાતિઓનો એક દિવ્ય સમન્વય ઉત્પન્ન કરવામાં પ્રત્યેક જાતિએ એક વિશિષ્ટ પાઠ ભજવવાનો છે; પ્રત્યેક જાતિને પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવાનું હોય છે, પોતાનું કર્તવ્ય પૂરું કરવાનું હોય છે. આ બધાના સુમેળમાંથી જ મહાન સમન્વય રચાય છે.

આપણામાંના ઘણાખરા જન્મથી જ વ્યક્તિગત ધર્મમાં માનનારા હોય છે. આપણે સિદ્ધાંતોની વાતો કરીએ, વાદ વિશે વાતો કરીએ, એ બધું બરાબર છે. પણ આપણે પ્રત્યેક હિલચાલ અને એકેએક કાર્યને જોવાથી આપણને જણાશે કે આપણે સિદ્ધાંત જ્યારે કોઈ વ્યક્તિ મારફતે મળે ત્યારે જ સમજી શકીએ છીએ. દેહધારી આદર્શ માનવી આપણને કોઈ વિચાર આપે ત્યારે જ આપણે તે ગ્રહણ કરી શકીએ. પ્રત્યક્ષ દૃષ્ટાંત ઉપરથી જ સિદ્ધાંત સમજી શકાય છે. હું તો પ્રભુ પાસે માગવા તૈયાર છું કે આપણે સહુ એટલા વિકસિત થઈએ કે કોઈ દૃષ્ટાંતની, કોઈ વ્યક્તિની આપણને જરૂર ન પડે. પણ આપણે તેવા નથી. અને તેથી સ્વાભાવિક રીતે માનવજાતના મોટા ભાગે પોતાના આત્માને પયગંબરો, ઈશ્વરના અવતારો, ખ્રિસ્તીઓ, બૌદ્ધો અને હિંદુઓ જેમની આરાધના કરે છે તેવા અસામાન્ય વ્યક્તિત્વ ધરાવતા અવતારોને ચરણે ધર્યો છે. ઈશ્વર એક સર્વવ્યાપક તત્ત્વ, સર્વત્ર છે; પણ અત્યારે આપણે એવી રીતે ઘડાયા છીએ કે આપણે એક દેવ-માનવ દ્વારા જ તેને જોઈ શકીએ, તેનો અનુભવ કરી શકીએ. આવી મહાન જ્યોતિઓ જ્યારે પ્રગટ થાય ત્યારે મનુષ્ય ઈશ્વરનો સાક્ષાત્કાર કરે છે.

માનવજાતના ઈતિહાસમાં તમે જોશો કે આવા પયગંબરો આવે છે

ત્યારે તેમના જન્મ સાથે જ તેઓનું જીવનકાર્ય નિશ્ચિત થયેલું હોય છે. તેની યોજના ઘડાઈને તૈયાર પડી હોય છે. તમે જોશો કે તેમાંથી એક તસુ માત્ર પણ તેઓ ચળતા નથી. તેઓ એક જીવનકાર્ય લઈને આવે છે, એક સંદેશ લઈને આવે છે. પણ આવા મહાન પયગંબરોનું, અવતારોનું તમે એક ખાસ લક્ષણ જોશો કે તેમની આત્મશ્રદ્ધા પ્રબળ હોય છે. આવી આત્મશ્રદ્ધા અપૂર્વ હોય છે.

મારો કહેવાનો ભાવાર્થ અને હેતુ આટલો જ છે કે મારા જીવનમાં એ બધાયની પૂજા, ઉપાસના કરવાનું શક્ય બન્યું છે, અને હવે પછી આવનારાઓની પણ પૂજા કરવા તૈયાર રહેવાનું પણ શક્ય બન્યું છે. હવે તમારા પૈકી જેઓ એમ માને છે કે જગતના એક જ પયગંબરમાં સત્ય, દિવ્યતા અને પરમાત્મા રહેલાં છે અને બીજા કોઈમાં નહીં, તો મારે સહેજે એમ માનવું રહ્યું કે તમે એકેયમાં ઈશ્વરનો અંશ દેખી શકતા નથી. જેમ એક મત ધરાવવાને કારણે તમે રાજકીય ક્ષેત્રમાં કોઈ પક્ષના થઈ જાઓ છો તેમ માત્ર શબ્દોને ગળી જઈને તમે એક સંપ્રદાયના થઈ ગયા છો; પણ તે બિલકુલ ધર્મ જ નથી. મેં તો મારા થોડા અનુભવમાં આટલું જ્ઞાન મેળવ્યું છે, કે જે કંઈ શેતાનિયતને માટે ધર્મ ઉપર દોષ ઢોળવામાં આવે છે તેમાં ધર્મનો કાંઈ જ દોષ નથી, કોઈ ધર્મે મનુષ્ય ઉપર જુલમ ગુજાર્યો નથી, કોઈ ધર્મે ડાકણ તરીકે કોઈને બાળી નથી, કોઈ ધર્મે આવાં ખરાબ કાર્યો કર્યાં નથી. તો પછી લોકો આવાં કાર્યો કરવા પ્રેરાયા શાથી? એની પાછળ રાજકારણ હતું, ધર્મ નહીં; અને જો રાજકારણ ધર્મનું નામ ધારણ કરે તો તેમાં કોને દોષ દેવો?

તેથી જ્યારે દરેક મનુષ્ય ઊભો થઈને પોકારે કે "મારો પયગંબર જ ખરો છે" તો તે સાચો નથી; તે ધર્મનો એકડોયે જાણતો નથી. ધર્મ નથી કંઈ ખાલી વાત, નથી કોઈ વાદ કે નથી કોઈ બૌદ્ધિક સ્વીકાર. આપણા અંતરાત્મામાં તે એક સાક્ષાત્કાર છે; તે ઈશ્વરનો સ્પર્શ છે; તે એવી અનુભૂતિ છે કે જેમાં ભાન થાય છે કે હું વિશ્વાત્મા અને તેની દરેક મહાન અભિવ્યક્તિઓ સાથે સંબંધ ધરાવતો આત્મા છું. પ્રત્યેક દેશના મહાન આધ્યાત્મિક પુરુષો અને સ્ત્રીઓને પિછાનો; અને જુઓ કે તેઓ વસ્તુતઃ એકબીજાથી વિરુદ્ધ છે જ નહીં. જ્યાં જ્યાં ખરો ધર્મ-આ

દૈવી સ્પર્શ-આત્માનું પરમાત્મા સાથે ઈંદ્રિયગમ્ય જોડાણ આવ્યું છે ત્યાં ત્યાં હમેશાં મન વિશાળ બન્યું છે, અને તેથી સર્વ સ્થળે તે પ્રકાશ દેખી શક્યું છે.

આ મહાન પયગંબરો મહાન અને સાચા છે. શા માટે? કારણ કે દરેક એક મહાન ભાવનાનો પ્રચાર કરવા આવ્યા છે. ઉદાહરણ તરીકે ભારતના અવતારો લો. ધર્મના સ્થાપકોમાં જૂનામાં જૂના તેઓ છે. પહેલાં આપણે શ્રીકૃષ્ણને લઈએ. તમારામાંથી જેમણે ગીતા વાંચી હશે તેમણે જોયું હશે કે આખા પુસ્તકમાં અનાસક્તિનો જ એક વિચાર છે. આસક્તિ રહિત બનો. હૃદયનો પ્રેમ કેવળ એક પ્રત્યે જ હોય. કોના પ્રત્યે? જે નિર્વિકાર છે તેના પ્રત્યે. એ કોણ છે? તે ઈશ્વર છે. આ એક દૃષ્ટિ છે. શ્રીકૃષ્ણનો અન્ય સંદેશ શો છે? જે કોઈ સંસારની અંદર રહીને કાર્ય કરે છે અને કર્મનાં પરિણામ ઈશ્વરને સમર્પે છે, તેને આ સંસારનાં પાપ સ્પર્શતા નથી. જેમ કમળ પાણીમાંથી ઉત્પન્ન થઈને પાણીની બહાર ખીલે છે, તે જ પ્રમાણે જે માણસ સંસારની પ્રવૃત્તિઓ કરે છે, પરંતુ તેનાં ફળ ઈશ્વરને સમર્પે છે, તેનું પણ તેમ જ બને છે.

તેથી શ્રીકૃષ્ણ આપણને આપણાં કર્મોનો પરિત્યાગ નહીં કરવાનું પણ હિંમતથી તેનો સ્વીકાર કરવાનું અને પરિણામની ચિંતા નહીં રાખવાનું કહે છે.

બુદ્ધના મહાન સંદેશને સાંભળો. તેને આપણા હૃદયમાં સ્થાન આપો. બુદ્ધ કહે છેઃ સ્વાર્થને જડમૂળથી ત્યાગો. જે કોઈ તમને સ્વાર્થી બનાવે તેનો પણ ત્યાગ કરો. સ્ત્રી, પુત્ર કે કુટુંબ, કશું જ ન રાખો. દુનિયાના ન બનો. સંપૂર્ણ રીતે નિ:સ્વાર્થી બનો.

વળી બીજા પયગંબર ભણી નજર માંડો. તે નાઝરેથનો હતો. તેનો ઉપદેશ છે. તૈયાર રહો. સ્વર્ગનું સામ્રાજ્ય હાથવેંતમાં જ છે. એક ક્ષણનો પણ વિલંબ ન કરો; કાલને માટે કંઈ ન રાખો; તમારા ઉપર તરત જ આવી પડનારા અંતિમ પ્રસંગને માટે તૈયાર બનો. આ સંદેશ પણ હૃદયમાં રાખવો જોઈએ અને આપણે તે સ્વીકારીએ છીએ. આપણે પયગંબરને

નમીએ; આપણે પ્રભુને નમસ્કાર કરીએ.

અને પછી સમાનતાના પયગંબર મહમદ આવે છે. મહમદ સમાનતા ના, માનવ માનવ વચ્ચે ભ્રાતૃભાવ ના, સમગ્ર મુસલમાનોના ભ્રાતૃભાવ ના પયગંબર હતા. પોતાના જીવન દ્વારા મહમદ પયગંબરે બતાવ્યું કે મુસલમાનો વચ્ચે સંપૂર્ણ સમાનતા અને ભ્રાતૃભાવ હોવો જોઈએ. તેમાં નાત, જાત, સંપ્રદાય, વર્ણભેદ કે જાતિભેદનો સવાલ જ ન હોવો જોઈએ.

આમ આપણે જોઈએ છીએ કે દરેક અવતાર, દરેક પયગંબર પાસે એક ચોક્કસ આદેશ હોય છે. પ્રથમ ત્યારે તમે એ આદેશને સાંભળો અને પછી તેમના જીવન સામે જુઓ, તમને તેમનું તેજસ્વી જીવન સ્પષ્ટ થઈ જશે.

બીજા વધારે મહાન પયગંબરો આવશે ખરા? જરૂર. આ જગતમાં તેઓ આવશે. પણ તેની રાહ નહીં જોતા. હું તો ઈચ્છું કે તમારામાંનો પ્રત્યેક જણ બાઈબલના જૂના કરાર ઉપરથી રચાયેલા સાચા નવા કરારના પયગંબર બને. બધા પુરાણા આદેશો લો, તમારા પોતાના સ્વાનુભવનો તેમાં ઉમેરો કરો અને બીજાઓ માટે પયગંબરરૂપ બનો. આ પ્રત્યેક અવતાર મહાન હતો. પ્રત્યેક આપણે માટે કંઈ ને કંઈ મૂકી ગયેલ છે; તેઓ આપણા દેવો છે; તેમને આપણે વંદીએ; આપણે તેમના દાસ છીએ. સાથોસાથ આપણે આપણને પણ વંદીએ, કારણ કે તેઓ જો પયગંબરો અને ઈશ્વરનાં બાળકો થઈ ગયા છે, તો આપણે પણ તેવા જ છીએ. તેઓ જેમ પૂર્ણતાને પામ્યા છે તેમ આપણે પણ પામવાના છીએ. જિસસના પેલા શબ્દો યાદ કરો: સ્વર્ગનું સામ્રાજ્ય હાથવેંતમાં જ છે. આ ક્ષણે જ આપણે દરેક એવો દૃઢ નિશ્ચય કરીએ, કે હું પયગંબર બનીશ; પ્રકાશનો હું સંદેશવાહક બનીશ; ઈશ્વરનો હું બાળક બનીશ એટલું જ નહીં. પણ હું સ્વયં ઈશ્વર બનીશ!

* * *

**ગુજરાતી સિનિયર (૮, ૯, ૧૦ વર્ગ)**
**અગત્યની સૂચના :**
૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.
૨. વિષયથી વિચલિત નહીં થવું.
૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન
(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

## (૨) વણથંભી આગેકુચ

તમે પરમાત્માનાં સંતાન છો, શાશ્વત સુખના ભાગીદાર છો, પવિત્ર અને પૂર્ણ છો. કહો નહિ કે તમે નિર્બળ છો. ઊભા થાઓ, મર્દ બનો, સબળ બનો. જે કંઈ બળ અને સહાય તમારે જોઈએ છે, તે તમારી પોતાની અંદર જ છે.

જ્યાં સુધી લાખો મનુષ્યો ભૂખમરા અને અજ્ઞાનની દશામાં સબડે છે, ત્યાં સુધી એ ગરીબોને ભોગે શિક્ષણ પામીને જે માણસ તેમના પ્રત્યે જરા પણ ધ્યાન આપતો નથી એવા દરેકે દરેકને હું દેશદ્રોહી ગણું છું! ગરીબોને પીસીને પોતાનો તમામ પૈસો કમાનારા, ફૂલફટાક થઈને દમામભેર ફરનારા લોકો જ્યાં સુધી ભૂખ્યા જંગલીઓની કોટીમાં આવી રહેલા આ વીસ કરોડ લોકો માટે કશું કરતા નથી, ત્યાં સુધી એવા લોકોને હું નરાધમ કહીશ!

'આત્મવત્ સર્વભૂતેષુ' - બધાં પ્રાણીઓને તમારા આત્મા જેવા ગણો. આ ઉપદેશ શું પુસ્તકમાં જ પૂરી રાખવા માટે છે? ક્ષુધાર્તોના ભુખ્યા મોઢામાં રોટલાનો ટુકડો જેઓ નાખી શકતા નથી, તેઓ બીજાના મુક્તિદાતા કઈ રીતે બની શકે? જેઓ બીજાના શ્વાસ માત્રથી અભડાઈ જાય છે તેઓ વળી બીજા લોકોને પવિત્ર કેવી રીતે બનાવવાના છે? અસ્પૃશ્યતા એક પ્રકારનો માનસિક રોગ છે.

ઉઠો અને તમારું મનુષ્યત્વ પ્રકટ કરો ... એક માલિકની ભાવનાથી નહિ, પૂર્વ-પશ્ચિમનાં વહેમો અને ધતિંગોથી ભરપૂર, અહંકારના સડેલા

વ્રણથી નહિ, પણ એક સેવકની ભાવનાથી.

તમામ ચીજોનો પ્રથમ ભાગ ગરીબોને આપો. આપણો હક્ક પાછળ બચેલા ઉપર જ રહે છે. સૌ પહેલી પૂજા આ વિરાટની પૂજા છે. જે આપણી ચારે બાજુ છે, તેની પૂજા કરો. પૂજા એ જ યોગ્ય શબ્દ છે. બીજો કોઈ શબ્દ એ ભાવ વ્યક્ત કરી શકે નહિ. આ માણસો અને પશુઓ જ આપણા દેવ છે; અને તેમાંયે સર્વ પ્રથમ દેવ તો છે આપણાં પોતાના દેશબાંધવો, તેમની જ પૂજા આપણે કરવાની છે. આ એક જ દેવ છે, જે જાગે છે, આપણું પોતાનું માનવકુળ - 'સર્વત્ર તેના હાથ છે, સર્વત્ર તેનાં ચરણ છે, સર્વત્ર તેના કાન છે, તે સર્વત્ર વ્યાપી રહેલ છે.' બીજા બધા દેવો તો સૂઈ ગયા છે. આપણી ચારે બાજુ રહેલા આ વિરાટ ભગવાનને આપણે ભજશું નહિ, તો બીજા ક્યા ફાલતુ દેવોની પાછળ દોડ્યા કરીશું?

દરેક પુરુષને, દરેક સ્ત્રીને, સર્વ કોઈને ઈશ્વર રૂપે જુઓ.આટલી તપશ્ચર્યા પછી હું ખરું સત્ય આ સમજ્યો છું કે દરેક જીવમાં ઈશ્વર છે; જીવમાં રહેલા આ ઈશ્વર સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. 'જે જીવની સેવા કરે છે તે જ ઈશ્વરની સેવા કરે છે.' જો તમે તમારા માનવબંધુને, વ્યક્ત ઈશ્વરને પુજી ન શકો તો જે અવ્યક્ત છે, તેની તો કેવી રીતે ઉપાસના કરવાના છો? ઈશ્વરની ઉપાસના કરવા તમે ભલે મંદિર બાંધો અને એ સારું પણ હોય; પરંતુ એથીયે વધુ સારું વધુ ઉચ્ચ મંદિર ક્યારનુંય વિદ્યમાન છે - માનવશરીર.

જગતના કલ્યાણ માટે શરીર, મન અને વાણી અર્પણ કરી દો. તમે વાંચ્યું છેઃ 'मातृदेवो भव', 'पितृदेवो भव' - 'માતાને દેવ સમાન ગણો. પિતાને દેવ સમાન ગણો' પણ હું કહું છું... 'दरिद्र देवो भव', 'मूर्ख देवो भव'– 'ગરીબને, અભણને, અજ્ઞાનીને, દુઃખીને ઈશ્વર માનો.' આવા લોકોની સેવા એ જ પરમ ધર્મ છે.

હું ખાતરીપૂર્વક માનું છે કે ભારત તેનાં ઉત્તમ અને મહાન સંતાનોનાં જ બલિદાન માગે છે. જગતના સર્વશ્રેષ્ઠ શૂરવીરો અને સર્વોત્તમ માનવીઓએ અનેકના ભલા માટે, સર્વના કલ્યાણ માટે પોતાનું બલિદાન

આપવું પડશે. અનંત પ્રેમ અને કરુણાવાળા સેંકડો બુદ્ધોની આજે જરૂર છે.

મર્દ, બસ મર્દ જ, આ જ જોઈએ છે : બીજું બધું તો થઈ રહેશે; પણ બળવાન, પ્રાણવાન, શ્રદ્ધાવાન, નવલોહિયા, હાડોહાડ સહૃદય યુવકોની આવશ્યકતા છે. આવા એકસો હોય, તો દુનિયામાં ક્રાંતિ થઈ જાય. પ્રથમ આપણે તેમનાં જીવન ઘડવાં જોઈએ; ત્યાર પછી જ કંઈક સાચા કાર્યની આશા રાખી શકાય.

ભારતવર્ષની જનતાનો ઉદ્ધાર કરવાના કર્તવ્યમાં, એ એકમાત્ર કર્તવ્યમાં મન-પ્રાણને સમર્પી શકે તેવા યુવાનો વચ્ચે જઈને કાર્ય કરો. એમને જાગ્રત કરો, સંગઠિત કરો, અને ત્યાગની આ ભાવનાથી પ્રેરિત કરો; આ સર્વ કાર્યનો આધાર સંપૂર્ણ રીતે ભારતના યુવાનો ઉપર જ છે.

આ યુવકોને સંગઠિત કરવા હું જન્મ્યો છું, એટલું જ નહિ, પ્રત્યેક શહેરમાં સેંકડો યુવકો મારી સાથે જોડાવા તૈયાર છે. ભારતમાં ગરીબમાં ગરીબ અને પદદલિત લોકોનાં દ્વાર સુધી સુખ, નીતિ, ધર્મ, શિક્ષણ પહોંચાડવા અપ્રતિરોધ્ય જુવાળની માફક મારે એમને મોકલવા છે. આ હું કરીશ કે મરીશ.

ઓ મહાનુભાવો, જાગો, જાગો! દુનિયા દુ:ખમાં બળી રહી છે. તમે કેમ સૂઈ શકો? ચાલો, સૂતેલા દેવ જ્યાં સુધી જાગે નહિ, જ્યાં સુધી અંદર રહેલો દેવ જવાબ ન આપે ત્યાં સુધી પોકાર પાડ્યા જ કરો. જીવનમાં બીજું વધારે છે શું?

મારા ભાઈઓ, આપણે ગરીબ છીએ, આપણે કશી વિસાતમાં નથી; પરંતુ આવા લોકો જ હંમેશા મહાન પરમેશ્વરને હાથે નિમિત્ત બની રહ્યા છે. જગતનાં બધાં મહાન અને વિરાટ કાર્યો ગરીબોએ જ કર્યા છે. કહેવાતા ધનિકોનો વિશ્વાસ કરશો નહિ; તેઓ જીવતા કરતાં મરેલાં વધારે છે. મને વિશ્વાસ છે - તમારા જેવા નમ્ર, ગરીબ છતાં શ્રદ્ધાવાન મનુષ્યોમાં.

હંમેશાં આગળ ધપો! જીવનની છેલ્લી ઘડી સુધી ગરીબો અને પદદલિતો પ્રત્યે અનુકંપા, આ છે આપણો મુદ્રાલેખ. ઓ મારાં બહાદુર બાળકો, આગળ ધપો! ઈશ્વરમાં શ્રદ્ધા રાખો; ચાલાકી કરશો નહિ,

એમાં કશું વળશે નહિ. દુ:ખી માણસો પ્રત્યે લાગણી રાખો અને મદદ માટે પ્રાર્થના કરો - એ અચૂક આવશે... નવયુવાનો, હું તમને વારસામાં સોંપું છું – આ લાગણી; ગરીબ, અજ્ઞાન તથા દલિતો માટેનો જંગ ... તો પછી, દિનપ્રતિદિન અધોગતિની અવસ્થામાં ઉતરતા જતા આ ત્રીસ કરોડ લોકોના ઉદ્ધાર માટે તમારું આખું જીવન સમર્પણ કરવાનું વ્રત લો... જો તમે ખરેખર મારાં બાળકો હો, તો કશાથી ડરશો નહિ, ક્યાંય અટકશો નહિ. સિંહ જેવા બનશો. આપણે ભારત વર્ષ અને સમસ્ત જગતને જગાડવાનાં છે.

ગામડે ગામડે જાઓ. માનવજાતનું ને દુનિયા આખીનું ભલું કરો. બીજાને માટે મુક્તિ મેળવવા માટે નરકમાં જવું પડે તો પણ જાઓ. અરે બેટા! જો મૃત્યુ અનિવાર્ય છે, તો સડેલાં વૃક્ષ અને પથ્થરની માફક જીવવા કરતાં વીરની માફક મરવું શું વધારે સારું નથી? પડ્યા પડ્યા કટાઈ જવા કરતાં. ખાસ કરીને બીજાનું જે થોડું ઘણું પણ ભલું થઈ શકે તેવું કરતાં કરતાં ઘસાઈ મરવું વધારે સારું.

એકવાર કાર્યમાં લાગી જાઓ, એટલે એવી જબરજસ્ત શક્તિ તમારામાં આવશે કે તમારે ઝીલવી કઠણ થઈ પડશે. બીજાઓ માટે કરેલું નાનું શું કાર્ય પણ માણસમાં શક્તિ જાગ્રત કરે છે. માત્ર અન્યનું ભલું કરવાનો જરા સરખો વિચાર સુદ્ધાં હૃદયમાં સિંહ જેવા બળનો સંચાર કરે છે. હું તમને સૌને ખૂબ ચાહું છું, પણ ઈચ્છું છું કે તમે બીજાને માટે કામ કરતાં કરતાં મૃત્યુ પામો. તમે એમ કરશો તો મને આનંદ થશે.

જે કોઈ દ્રવ્યના, કીર્તિના કે અન્ય કશા હેતુ વગર કાર્ય કરે છે; તે શ્રેષ્ઠ કાર્ય કરે છે. માણસ જ્યારે એમ કરી શકશે ત્યારે એ બુદ્ધ બનશે. એનામાંથી જ એવી કાર્યશક્તિ પ્રગટ થશે કે આ જગતની કાયાપલટ થઈ જશે.

પ્રેમનો વિજય થશે. તમારા સાથી સંગાથીઓને ચાહો છો? ઈશ્વરને શોધવા તમે ક્યાં જશો? શું બધાં ગરીબ, દુ:ખી અને અશક્ત ઈશ્વર નથી? પહેલાં તેમને જ શું કામ ન પૂજવા? ગંગા કિનારે કૂવો ખોદવા શા માટે જવું? પ્રેમની અનંત શક્તિમાં શ્રદ્ધા રાખો.

આપણે આપણી જાતને અહોભાગી ગણવી જોઈએ કે આપણને ઈશ્વરને માટે કાર્ય કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. પણ નહિ કે ઈશ્વરને મદદ કરવાનો. આ 'મદદ' શબ્દને તમારા મનમાંથી ઉખેડીને ફેંકી દો. 'મદદ' તમે કરી ન શકો; એ ઈશ્વરનો દ્રોહ છે. એ સેવા કેવળ પૂજાના રૂપમાં કરો. ગરીબમાં રહેલા ઈશ્વરને મારે જોવા જોઈએ; હું તેમની પાસે જાઉં છું, તેમની પૂજા કરું છું, તે તો મારી પોતાની મુક્તિ માટે કરું છું. ગરીબો અને દુ:ખીઓ આપણી મુક્તિ માટે છે. આપણે ઈશ્વરની સેવા કરી શકીએ એ માટે જ તે રોગીના, પાગલના રક્તપિત્તિયા તથા પાપીના રૂપમાં આવે છે.

તમે આસ્તિક હો કે નાસ્તિક, સૌથી પહેલો શીખવાનો પાઠ એ છે કે તમે તમારી જાતને વીસરી જાઓ.

સમાજ માટે સુખની સર્વ તૃષ્ણાઓનો જ્યારે તમે ત્યાગ કરી શકશો ત્યારે તમે બુદ્ધ બની જશો, ત્યારે તમે મુક્ત બની જશો.

આપણે પ્રાર્થના કરીએ: 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવન પંથ ઉજાળ,' એટલે અંધારામાંથી પ્રકાશનું કિરણ આવશે અને આપણને દોરી જવા માટે એમાંથી એક હાથ લંબાશે ... ગરીબી, પુરોહિતવાદ અને સામાજિક અત્યાચારો દ્વારા સખત જકડાઈ ગયેલા ભારતવર્ષના લાખો પદદલિત લોકો માટે આપણે દરેક રાત-દિવસ પ્રાર્થના કરવી જોઈએ. એમને માટે અહર્નિશ પ્રાર્થના કરજો. કુલીન તથા ધનિક લોકો કરતાં આવા લોકોને ધર્મનો ઉપદેશ આપવામાં મને વધુ રસ છે. હું નથી કોઈ તત્ત્વજ્ઞાની, નથી કોઈ ફિલસૂફ, નથી કોઈ સંત. કેવળ એક ગરીબ છું; ગરીબને હું ચાહું છું. ગરીબી અને અજ્ઞાનમાં સદાને માટે ગરક થઈ ગયેલાં વીસ કરોડ જેટલાં નર નારીઓ માટે કોણ લાગણી ધરાવે છે? ગરીબ લોકો માટે જેનું હૃદય દ્રવે તેને હું મહાત્મા કહું છું...એ ગરીબો માટે કોને લાગણી છે? આ ગરીબ માણસોને જ તમે ઈશ્વર સમજો. તમે એમના વિશે વિચાર કરો, એમને માટે જ કાર્ય કરો, એમને માટે સતત પ્રાર્થના કરો. પરમેશ્વર તમને માર્ગ સુઝાડશે.

મહાન સિદ્ધિઓને માટે ત્રણ વસ્તુઓની આવશ્યકતા હોય છે :

પ્રથમ, હૃદયમાં લાગણી; તમને લાગણી છે? કરોડોની સંખ્યામાં રહેલા દેવોના અને ઋષિમુનિઓના વંશજો પશુત્વની નજીક પહોંચી ગયા છે; તમને એ માટે દિલમાં લાગણી થાય છે? આજે લાખો લોકો ભૂખે મરી રહ્યા છે અને લાખો લોકો યુગોથી ભૂખમરો સહન કરતા આવ્યા છે, તેને માટે તમારા દિલમાં કાંઈ થાય છે? ... તમને એ બેચેન બનાવે છે? તેનાથી તમારી ઊંઘ હરામ થઈ ગઈ છે? તમારા લોહીમાં પ્રવેશીને, તમારી નસોમાં વહીને તમારા હૃદયના ધબકારા સાથે તે એક તાર બની ગઈ છે? એણે તમને પાગલ જેવા કરી મૂક્યા છે ખરા? આ સર્વનાશી દુ:ખના એકમાત્ર વિચારે તમને ભરખી લીધા છે ખરા? એને માટે તમે તમારું નામ, તમારો યશ, તમારી કીર્તિ, તમારી સ્ત્રી, તમારાં બાળકો, તમારી સંપત્તિ, તમારી માલ-મિલકત, અરે તમારો દેહસુદ્ધાં વીસરી બેઠા છો ખરા? તમે આ અનુભવ્યું છે? દેશપ્રેમી થવાનું પહેલું પગથિયું આ છે. તમે તેનો કોઈ ઉપાય શોધી કાઢ્યો છે? તિરસ્કારને બદલે કંઈક સહાય, લોકોનાં દુ:ખો હળવાં કરવાને માટે મીઠાશભર્યાં વચનો, આ જીવતા નરકમાંથી તેમને બહાર કાઢવા માટેનો કોઈ વ્યવહારુ ઉકેલ તમને જડયો છે? હજુય આ પૂરતું નથી. મુશ્કેલીઓના પર્વતોને પાર કરવાની અદમ્ય ઈચ્છા તમારામાં છે? હાથમાં ખડ્ગ લઈને આખી દુનિયા તમારી સામે ઊભી રહે, તો ય તમને સાચું લાગે તે કરવાની તમારામાં હિંમત છે? મક્કમતાપૂર્વક તમારા ધ્યેય તરફ, તમે આગળ વધશો ખરા? ... તમારામાં આવી દૃઢ સંકલ્પશક્તિ છે? જો તમારામાં આ ત્રણ બાબતો હશે તો તમે અદ્ભુત કાર્યો સિદ્ધ કરી શકશો.

વત્સો! મારા શૂરવીર, ઉદાર અને ભલા નવયુવાનો, રથના પૈડાને તમારા ખભાનો ટેકો આપો; આ ભાવનાને, આ યોજનાને સબળ બનાવો! નામ, યશ, કીર્તિ કે એવી કોઈ નકામી વસ્તુ માટે પાછું વાળીને જોશો નહિ. તમારા પ્રાણની પરવા કર્યા વિના મંડ્યા રહો.

આગળ ધપો! આપણે અપાર શક્તિ, અનંત ઉત્સાહ, અસીમ હિંમત, અખૂટ ધૈર્યની જરૂર છે. તો જ મહાન કાર્યો સિદ્ધ થશે

વત્સ, મારે જોઈએ છે લોખંડી સ્નાયુઓ અને પોલાદી જ્ઞાનતંતુઓ,

જેમાં વજ્ર જેવા પદાર્થનું બનેલું મન વસે છે. આપણે જોઈએ છે શક્તિ અને પૌરુષ, ક્ષાત્રવીર્ય અને બ્રહ્મતેજ.

આજ્ઞાપાલનનો ગુણ કેળવો, પણ તમારી પોતાની શ્રદ્ધાનો ભોગ આપશો નહિ. અધિકારીઓની આજ્ઞાનું પાલન જો ન થતું હોય તો કેન્દ્રીકરણ સંભવી શકે નહિ. વ્યક્તિગત શક્તિઓના આ કેન્દ્રીકરણ વિના કોઈ મહાન કાર્ય થઈ શકતું નથી.

જે કંઈ અસત્ય છે તેનાથી સાવચેત રહો! સત્યને વળગી રહો; આપણે ભલે ને ધીમે પણ ચોક્કસ સફળ થઈશું... જાણે કે તમારા ઉપર જ બધાં કાર્યની જવાબદારી છે તેવી રીતે કાર્ય કરો.

નીતિમાન થજો. શૂરવીર બનજો. ઉદાર હૃદયના થજો. જાનને જોખમે પણ નીતિચુસ્ત, વીર, ચારિત્ર્યવાન બનો. ધર્મના સિદ્ધાંતોની માથાકૂટમાં પડશો નહિ. પાપ તો કેવળ ડરપોક માણસો જ કરે છે. બહાદુરો કદી નહિ, ના, મનમાં સુદ્ધાં નહિ.

બે બાબતોથી સાવધાન - સત્તાની લાલસા ને ઈર્ષ્યા. હંમેશાં આત્મશ્રદ્ધા કેળવો.

પ્રથમ મર્દ બનાવો. આપણને મર્દોની જરૂર છે, અને શ્રદ્ધા ન હોય તો મર્દ ક્યાંથી તૈયાર થાય?

ઊઠો, જાગો; તમારી જાતને જગાડો અને બીજાને જાગ્રત કરો. જતાં પહેલાં મનુષ્યજીવનની પરિપૂર્ણતા પ્રાપ્ત કરો. ‘ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ થાય ત્યાં સુધી મંડયા રહો!’

* * *

**ગુજરાતી સિનિયર (૮, ૯, ૧૦ વર્ગ)**

**અગત્યની સૂચના :**

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મૂલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુ

## (૩) કર્મ અને તેનું રહસ્ય

(કેલિફોર્નિયાના લૉસ એન્જલીસ શહેરમાં
તારીખ ૪થી જાન્યુઆરી સને ૧૯૦૦ના રોજ અપાયેલું વ્યાખ્યાન)

જિંદગીમાં મેં શીખેલા અનેક મહાન બોધપાઠોમાંનો એક એ છે કે જેટલું ધ્યાન કાર્યના ધ્યેય તરફ આપવું જોઈએ તેટલું જ તેના સાધન તરફ પણ આપવું જોઈએ. આ પાઠ હું એક મહાન પુરુષ પાસેથી શીખ્યો હતો અને તેનું પોતાનું જીવન આ મહાન સિદ્ધાંતના પ્રત્યક્ષ દાખલારૂપ હતું. તે એક જ સિદ્ધાંતમાંથી હું હમેશાં ઘણું ઘણું શીખું છું. મને લાગે છે કે સફળતાનું સર્વ રહસ્ય એમાં જ રહેલું છે કે જેટલું ધ્યાન સાધ્ય પ્રત્યે આપો તેટલું જ સાધન પ્રત્યે પણ આપો.

જીવનમાં આપણી મોટી ખામી એ છે કે આપણે આદર્શ તરફ એટલા બધા ખેંચાયેલા હોઈએ છીએ, ધ્યેય આપણને એટલું બધું આકર્ષક અને લલચામણું લાગે છે, આપણી માનસિક ક્ષિતિજમાં તે એટલું બધું મોટું દેખાય છે કે આપણે વિગતોને બિલકુલ ભૂલી જઈએ છીએ.

પરંતુ જ્યારે જ્યારે નિષ્ફળતા મળે ત્યારે ત્યારે જો આપણે ઝીણવટથી તેનું પૃથક્કરણ કરીએ તો સેંકડે નવ્વાણું કિસ્સામાં આપણને જણાશે કે આપણે સાધનો તરફ દુર્લક્ષ કર્યું એ જ એનું કારણ હતું. સાધનોની સંપૂર્ણતા અને મજબૂતી પર જ યોગ્ય ધ્યાન આપવાની આપણને જરૂર છે. જો સાધનો બરાબર હોય, તો સિદ્ધિ પ્રાપ્ત થવી જ જોઈએ. આપણે ભૂલી જઈએ છીએ કે કારણ જ કાર્યનું પરિણામ લાવે છે; કાર્ય આપોઆપ

પરિણમતું નથી; અને ચોક્કસ, યોગ્ય અને સબળ કારણ સિવાય કાર્ય પરિણમી શકે નહીં. એક વાર આદર્શ નક્કી કરી લઈને તેની પ્રાપ્તિનાં સાધનો જો ઠરાવી દઈએ, તો પછી ભલે આપણે આદર્શને લગભગ બાજુ પર મૂકી દઈએ, તોપણ આપણી ખાતરી છે કે સાધનો જ્યારે સંપૂર્ણ હોય ત્યારે તેનું પરિણામ તો આવવાનું જ. જ્યારે કારણ અસ્તિત્વમાં હોય ત્યારે કાર્ય વિશે જરાય મુશ્કેલી રહેવાની નથી કારણ કે ફળ તો પેદા થવાનું જ છે. જો આપણે કારણની સંભાળ રાખશુ તો કાર્ય પોતાની સંભાળ પોતે જ લેશે. આદર્શની સિદ્ધિ એ જ કાર્ય છે. સાધનો કારણ છે; તેથી સાધનો તરફ લક્ષ આપવું એ જ જીવનનું મહાન રહસ્ય છે.

જો આપણે આપણા પોતાના જીવનનું નિરીક્ષણ કરીશું તો જણાશે કે દુઃખનું મોટામાં મોટુ કારણ આ જ છે; આપણે કંઈક પણ કાર્ય હાથ ધરીએ છીએ અને આપણી સર્વશક્તિ તેના ઉપર કેન્દ્રિત કરીએ છીએ કદાચ તેમાં આપણને નિષ્ફળતા મળે, છતાં પણ આપણે તેને છોડી શકતા નથી. આપણે જાણીએ છીએ કે તે આપણને હેરાન કરે છે, તેને વધારે વખત સુધી વળગી રહેવાથી માત્ર દુઃખ જ વહોરી લેવાનું છે, છતાં આપણે આપણી જાતને તેમાંથી વિખૂટી પાડી શકતા નથી.

દુઃખનું એક કારણ આ છે કે આપણે મોહમાં પડીએ છીએ, આપણે પકડાઈ જઈએ છીએ. તેથી જ ગીતા કહે છે: સતત કાર્ય કરો, કાર્ય કરો, પણ આસક્ત ન થાઓ; તેમાં સપડાઓ નહીં. જેને માટે જીવાત્મા ખૂબ જ ઝંખે તેવી પ્રિય વસ્તુમાંથી પણ અનાસક્ત થવાની શક્તિ તમારામાં જમાવો; વસ્તુ છોડી દેવી પડે ત્યારે ભલે ગમે તેટલું દુઃખ થાય, છતાં પણ જ્યારે ઈચ્છા થાય ત્યારે તેને છોડી દેવાની શક્તિ તમે કેળવો. નબળા લોકોને માટે અહીં આ જિંદગીમાં અથવા બીજી જિંદગીમાં કોઈ સ્થાન નથી. નબળાઈ ગુલામી તરફ લઈ જાય છે. નબળાઈ સર્વ પ્રકારનાં માનસિક તથા શારીરિક દુઃખો લાવે છે; નબળાઈ એ મૃત્યુ છે. આપણી આજુબાજુમાં અસંખ્ય જીવાણુઓ રહેલા છે, પણ જ્યાં સુધી આપણે નબળા ન પડીએ અને શરીર તેમને સંઘરવાને તૈયાર તેમ જ અનુરૂપ ન બને ત્યાં સુધી તે આપણને કશું નુકસાન કરી શકતાં નથી. દુઃખના અસંખ્ય જીવાણુઓ ભલે આપણી આજુબાજુ ઊડતા હોય; કંઈ

હરકત નહીં જ્યાં સુધી મન નબળું ન પડે ત્યાં સુધી તેઓ આપણી પાસે આવવાની હિંમત કરી શકશે નહિ, આપણને સકંજામાં લેવાની તેમની તાકાત નથી. આ એક મહાન સત્ય છે. શક્તિ જ જીવન છે, નિર્બળતા એ મૃત્યુ છે. શક્તિ આનંદરૂપ છે, શાશ્વત અને અમર છે; નિર્બળતા સતત બોજો અને દુઃખ છે; મૃત્યુ છે.

આપણે જે કંઈ કરીએ, તેનું વળતર ઈચ્છીએ છીએ. આપણે જિંદગીનો વેપાર કરીએ છીએ, આપણે બધા વેપારી છીએ, આપણે નીતિનો વેપાર કરીએ છીએ, આપણે ધર્મનો પણ વેપાર કરીએ છીએ. અરેરે! આપણે પ્રેમનો પણ વેપાર કરીએ છીએ.

જો તમારે વેપાર જ કરવો હોય, જો સવાલ આપલેનો કે ખરીદવેચાણનો હોય, તો ખરીદવેચાણના નિયમ પ્રમાણે વર્તો. વેપારમાં તેજીમંદી હોય છે, કિંમતમાં વધઘટ થયા કરે છે અને ફટકો લાગવાની આશંકા તમને હમેશાં રહ્યા કરતી હોય છે. એ તો આરસીમાં જોવા જેવું છે. તમારું જ પ્રતિબિંબ એમાં પડે છે; તમે ચાળા પાડો તો તેમાં તેવું જ દેખાશે; તમે હસશો તો આરસીમાંનું મોં પણ હસશે. આનું નામ ખરીદવેચાણ કે આપલે.

આપણે સપડાઈ જઈએ છીએ. કેવી રીતે? આપણે જે આપીએ છીએ તેનાથી નહીં, પણ જેની અપેક્ષા રાખીએ છીએ તેનાથી. આપણા પ્રેમના બદલામાં આપણને દુઃખ મળે છે; એ દુઃખ આપણે પ્રેમ રાખીએ છીએ એને લીધે નહીં, પરંતુ આપણે બદલાનાં પ્રેમની અપેક્ષા રાખીએ છીએ તેથી મળે છે. જ્યાં કશી અપેક્ષા નથી ત્યાં દુઃખ નથી. ઈચ્છા, અપેક્ષા, એ જ સર્વ દુઃખોનું મૂળ છે. ઈચ્છાઓ સફળતા તેમ જ નિષ્ફળતા બંને નિયમોથી બંધાયેલી છે; ઈચ્છાઓ જરૂર દુઃખ લાવે જ.

એટલે સાચી સફળતાનું, સાચા સુખનું મહાન રહસ્ય આ છેઃ જે મનુષ્ય કશા બદલાની આશા નથી રાખતો, જે સંપૂર્ણપણે નિઃસ્વાર્થ છે, તે સૌથી વધુ સફળ છે.

કોઈ પણ વસ્તુ માગો નહીં, બદલામાં કશાની આશા રાખો નહીં.

તમારે જે આપવાનું છે તે તમે આપો; તે તમારી પાસે પાછું તો આવશે, પણ અત્યારે તમે તેના વિશે વિચાર ન કરો. તે હજારગણું થઈને તમારી પાસે પાછું આવશે, પરંતુ તમારું ધ્યાન તેના ઉપર લાગેલું હોવું ન જોઈએ. છતાંય આપવાની શક્તિ કેળવો; બસ. આપો અને ત્યાં જ એની સમાપ્તિ ગણો. આટલું બરાબર શીખી લ્યો કે જીવન આપી દેવા માટે જ છે; પ્રકૃતિ જ તમને એ કરવાની ફરજ પાડશે, માટે સ્વેચ્છાએ આપો. વહેલુંમોડું તમારે આપી તો દેવું જ પડશે. તમે જન્મો છો ભેગું કરવા; મુઠ્ઠી ભરી ભરીને તમે એકઠું કરવા ઈચ્છો છો. પરંતુ કુદરત તમારો ટોટો પીસીને તમારી મુઠ્ઠી ખુલ્લી કરાવી નાખે છે. તમારી ઈચ્છા હોય કે ન હોય, પણ તમારે આપી જ દેવું પડે છે. જે ઘડીએ તમે કહો કે 'હું નહીં આપું,' એ જ ઘડીએ ફટકો પડે છે અને તમે દુઃખી થાઓ છો. એવો કોઈ નથી કે જેને લાંબે ગાળે ફરજિયાત બધું છોડવું નહીં પડે. માણસ આ નિયમની વિરુદ્ધ જવા જેટલો વધુ પ્રયત્ન કરે છે તેટલો તે વધુ દુઃખી થાય છે. આપણામાં આપી દેવાની હિંમત નથી, પ્રકૃતિની આ મહાન માગણીને સ્વીકારવા જેટલા આપણે અનાસક્ત થયા નથી, એ કારણસર જ આપણે દુઃખી થઈએ છીએ. સૂર્ય, સાગરમાંથી (વરાળ રૂપે) પાણી ખેંચે છે, પણ તે વરસાદરૂપે પાછું આપવા માટે. તમે લેવા અને દેવા માટેનું એક યંત્ર માત્ર છો; તમે લો છો તે પાછું આપવા માટે જ. તેથી બદલામાં કશાની આશા રાખો નહીં. પરંતુ જેમ તમે વધુ આપશો તેમ વધુ ને વધુ તમે પામશો. આ ઓરડામાંથી હવાને જેટલી ઝડપથી તમે ખાલી કરશો, તેટલી જ ઝડપથી બહારની હવાથી ઓરડો પાછો ભરાઈ જશે. પણ જો તમે બધાં બારીબારણાં અને હવાને અંદર આવવાના નાનામાં નાના માર્ગો પણ બંધ કરી દેશો તો જે હવા અંદર છે તે અંદર જ રહેશે, અને બહારની હવા અંદર આવી શકશે નહીં; પણ એથી અંદરની હવા ગોંધાઈ રહેવાથી બંધિયાર થઈને ઝેરી બની જશે. નદી અવિરતપણે મહાસાગરમાં ઠલવાયા કરે છે અને પાછી નિરંતર ભરાયા કરે છે. મહાસાગરમાં જતા માર્ગને બંધ કરો નહીં; જે ક્ષણે તમે તેમ કરશો તે ક્ષણે મૃત્યુ તમને ઝડપી લેશે.

આપણે શીખી લેવું જોઈએ કે આપણે પોતે જ્યાંસુધી આપણી જાતને

ગ્રહણ-યોગ્ય બનાવીએ નહીં, ત્યાં સુધી આપણને કંઈ જ થઈ શકે નહી. મેં તમને હજી હમણાં જ કહ્યું ને, કે જ્યાં સુધી શરીર તૈયાર ન હોય ત્યાં સુધી તેમા કોઈ રોગ ન થાય. એકલાં જંતુઓ ઉપર જ રોગનો આધાર નથી, પણ શરીરની અંદર અગાઉથી જ રહેલી અમુક પૂર્વસ્થિતિ ઉપર પણ તેનો આધાર છે. જેને માટે આપણે યોગ્ય હોઈએ તે જ માત્ર આપણને મળે છે. આપણે આપણું અભિમાન મૂકી દઈને સમજી લઈએ કે કોઈ દુઃખ બેગુનાહ કહી આવતું નથી; એક પણ ફટકો ગેરવાજબીપણે કદી પડતો નથી; મારા પર આવેલું એકે અનિષ્ટ એવું નથી કે જેને માટે મેં મારેં પોતાને હાથે રસ્તો તૈયાર ન કર્યો હોય. આપણે એ સમજવું જોઈએ. તમે જો પોતાનું પૃથક્કરણ કરી જોશો તો જણાશે કે તમને લાગેલો દરેક આઘાત, તમે તેને માટે તમારી જાતને તૈયાર કરી હતી માટેં જ આવ્યો હતો. એક અર્ધું તમે કર્યું અને બીજું અર્ધું બહારની દુનિયાએ કર્યું; ફટકો એ રીતે આવ્યો. એ આપણને વિચારશીલ બનાવશે. સાથોસાથ આ જ પૃથક્કરણમાંથી આશાનો સૂર પણ ઊઠશે. એ સૂર આ છે. બાહ્ય જગત પર મારો જરા પણ કાબૂ ભલે ન હોય, પરંતુ જે મારામાં અને મારી નજીક છે, જે મારી પોતાની જ દુનિયા છે, તે તો મારા કાબૂમાં છે જ! નિષ્ફળતા લાવવા માટે જો એ બેઉ દુનિયાની હાજરી એકસાથે જરૂરી હોય, ફટકો લાગવાને માર્ટે જો એ બન્નેની એકીસાથે આવશ્યકતા હોય, તો જે દુનિયા મારા કાબૂમાં રહેલી છે તેનો ફાળો જો હું ન આપું તો પછી ફટકો આવી જ કેવી રીતે શકવાનો છે? જો હું મારી જાત પર ખરો કાબૂ મેળવી લઉં, તો ફટકો કદી ન આવે!

આપણે બાળપણથી જ કાયમ આપણી પોતાની બહારની કોઈક વસ્તુ ઉપર જ દોષ ઢોળી નાખવાની કોશિશ કરતા હોઈએ છીએ. આપણે હમેશાં બીજા લોકોને સુધારવા સારુ ખડે પગે ઊભા હોઈએ છીએ, પણ પોતાની જાતને કદી નહીં. જો આપણે દુઃખી થઈએ તો કહીએ છીએ કે ઓહ! આ તો શેતાનની દુનિયા છે! આપણે બીજાઓને ગાળો દઈએ છીએ કે સાળા કેવા લટ્ટ ને બેવકુફો છે! પરંતુ જો આપણે ખરેખર એટલા બધા સારા હોઈએ તો એવી દુનિયામાં આપણે હોઈએ જ શું કામ? જે આ દુનિયા શેતાનનીજ હોય તો આપણે પણ શેતાન જ હોવા જોઈએ;

નહિતર આપણે અહીં હોઈએ જ શા માટે? અરે! દુનિયાના લોકો એટલા બધા સ્વાર્થી છે! વાત ખરી; પણ જો આપણે સારા હોઈએ તો એવી સોબતમાં આપણે શા માટે પડયા હોઈશું? એનો તો જરા વિચાર કરો.

જેને માટે આપણે લાયક હોઈએ, તે જ આપણને મળે છે. દુનિયા ખરાબ છે અને આપણે સારા છીએ એમ કહેવું, એ નરાતાળ જૂઠાણું છે; એવું બની શકે જ નહિં. એ આપણે પોતાની જાતને હડહડતું જૂઠું જ કહીએ છીએ.

શીખવાનો પહેલો પાઠ આ છે; બહારની કોઈ બાબતને નહી ભાંડવાનો, બીજા કોઈ માણસ ઉપર દોષનો ટોપલો નહી ઓઢાડવાનો નિશ્ચય કરો. મરદ બનો, અને ટટ્ટાર રહીને દોષ પોતા ઉપર વહોરી લો. તમને જણાશે કે એ હમેશાં સાચું જ હોય છે. પહેલાં પોતાને જ પકડો.

આપણે આપણી જાતને જ સંભાળવાની છે; એટલું આપણે કરી શકીએ. થોડાક સમયને માટે પારકી પંચાત કરવાનું છોડી દઈએ. આપણે સાધનને સંપૂર્ણ બનાવીએ; એટલે પરિણામ એની મેળે આવશે. કારણ કે આપણાં જીવન સારાં અને પવિત્ર હોય, તો જ દુનિયા સારી અને પવિત્ર થઈ શકે. દુનિયા તો એક કાર્ય છે, કારણ આપણે છીએ. એટલા માટે, આપણે આપણી જાતને શુદ્ધ બનાવીએ; આપણે આપણી જાતને સંપૂર્ણ બનાવીએ.

* * *